*ASIAN AMERICAN LEGAL DEFENSE AND EDUCATION FUND*
*99 HUDSON STREET, 12 FL • NEW YORK, NY 10013 • 212.966.5932 • www.aaldef.org*

# વસતિ ગણતરી અને રાજકીય પ્રતિનિધિત્વ – જિલ્લાઓ ફરી નક્કી કરવાં

જિલ્લાઓ ફરી નક્કી કરવાં માટેના આધાર તરીકે વસતિ ગણતરીનો ઉપયોગ કરાય છે, જે સમુદાયોનું રાજકીય પ્રતિનિધિત્વ નક્કી કરે છે. સિટી કાઉન્સિલ, રાજ્ય એસેમ્બલી, રાજ્ય સેનેટ અને યુ.એસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં પ્રતિનિધિઓ ચૂંટવા લોકોને 'જિલ્લાઓમાં' વર્ગીકૃત કરાય છે. યુ.એસ. સંવિધાનમાં આદેશ આપ્યો છે કે દરેક પ્રકારના જિલ્લામાં આશરે સમાન સંખ્યામાં લોકો હોય. ઉ.ત. દશ સિટી કાઉન્સિલ સભ્યો સાથે 100,000 લોકોનું શહેર, જિલ્લા રેખા દોરશે, જેથી દરેક કાઉન્સિલ સભ્ય દ્વારા પ્રતિનિધિત્વ કરાતા દરેક જિલ્લામાં અંદાજે 10,000 લોકો હોય છે.

## ફરીથી જિલ્લા નક્કી કરવાનો આધાર વસતિ ગણતરી પર છે

વસતિમાં ફેરફારો નક્કી કરવા દર દશ વર્ષે વસતિ ગણતરી કરાય છે. લોકો સ્થળ બદલતા હોઈ તથા સમુદાયો વૃદ્ધિ પામવા કે ઘટતા હોઈ, દરેક જિલ્લાની હદ, નવી વસતિ ગણતરી વિગતો અનુસાર ફરીથી દોરવામાં આવે છે. આ પ્રક્રિયાને "ફરીથી જિલ્લા નક્કી કરવા" કહે છે.

## એશિયન એમરિકનો માટે ફરીથી જિલ્લા નક્કી કરવા મહત્વપૂર્ણ છે

રાજકીય પ્રભાવ વધારવા અને સમુદાયોને ભેગા રાખીને એશિયન અમેરિકનોનું પ્રતિનિધિત્વ વધારવા માટે ફરીથી જિલ્લા નક્કી કરવા એ એક તક છે. આમ છતાં, ફરીથી જિલ્લા નક્કી કરવાથી એશિયન અમેરિકન પાડોશ પણ વિભાજીત અથવા 'ગેરીમેન્ડર' કરી શકાશે, અને તે દ્વારા લોકોને મત આપવાની સંખ્યાને નબળી પાડી શકશે.

## એશિયન અમેરિકનો માટે ફરીથી જિલ્લા નક્કી કરાતો વિકલ્પ

વસતિ ગણતરી વિગતો, શહેરો, કાઉન્ટિ, પાડોશ કે શેરી બ્લોકો જેવાં ખાસ ભૌગોલિક વિસ્તારોમાં રહેતાં લોકોની સંખ્યા, જાતિ અને બીજા લક્ષણોનો અહેવાલ આપે છે. આ વિગતોનો ઉપયોગ કરીને, સામાન્ય રસ ધરાવતાં એશિયન અમેરિકનોના જૂથ પ્રમાણે જિલ્લાઓ દોરી શકાશે, જેથી તેઓ તેમની પસંદગીના ઉમેદવારો ચૂંટી શકે. વસતિ ગણતરીને લાગે કે એશિયન અમેરીકન સમુદાય આંકડાની દ્ષ્ટિએ વિશાળ અને રહેઠાણની દ્ષ્ટિએ પૂરતો સઘન છે તો નીચેના જિલ્લા દોરી શકાશે.

- **'એશિયન-તકવાળા જિલ્લા'** – જ્યાં એશિયન અમેરિકનો મતદારો બહુમતિમાં હોય (ઓછામાં ઓછા 50%) તેવા જિલ્લાઓ. અહીં એશિયન અમેરિકનો, જિલ્લા પ્રતિનિધિઓને ચૂંટી શકશે.
- **'એશિયન-પ્રભાવવાળા જિલ્લા'** – જ્યાં એશિયન અમેરિકનો જિલ્લાની વસતિનો નોંધપાત્ર ભાગ હોય (સંભવત: 20-30%) તેવા જિલ્લા અને અનેક ઉમેદવારોમાંથી ચૂંટણીનું પરિણામ નક્કી કરી શકે તેમ હોય.
- **'બહુવંશીય જિલ્લાઓ'** – જ્યાં એશિયન અમેરિકનો સમાન હિતવાળાં અન્ય લઘુમતિ જૂથ સાથે જોડાયેલા હોય તેવા જિલ્લા. એશિયન અમેરિકનો બહુમતિ કરતાં ઓછા હોય તેમ છતાં, લઘુમતિ જૂથો સાથે તે બહુમતિ બનાવે છે. તેઓ સાથે મળીને, જિલ્લાના પ્રતિનિધિને ચૂંટી શકશે.




## આગામી પગલાં

એશિયન અમેરિકનોને તેમની પસંદગીના ઉમેદવારો ચૂંટવાની સંપૂર્ણ અને વાજબી તક હોય છે તે સુનિશ્ચિત કરવા, એશિયન અમેરિકન લીગલ ડિફેન્સ એન્ડ એજ્યુકેશન ફંડ, ફરીથી જિલ્લા નક્કી કરવા બાબત સામુદાયિક જૂથો સાથે કામ કરશે. વસતિ ગણતરીમાં એશિયન અમેરિકન લોકોનો સંપૂર્ણ અને ચોક્કસ આંક એક મહત્વપૂર્ણ પ્રથમ પગલું છે. વસતિ ગણતરીમાં તમારી ગણતરી કરાવો.

**વધુ માહિતી માટે સંપર્ક કરો:** "votingrights@aaldef.org" ખાતે AALDEF અથવા 212-966-5932.

© 2010 AALDEF – Census & Redistricting Fact Sheet - Gujarati